રાજ્યમાં આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. અંગેની ખરીદી કરવા તેમજ તે અંગેની સેવાઓ મેળવવા માટે માર્ગદર્શક સૂચનાઓ પ્રસિદ્ધ કરવા બાબત

ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
પરિપત્ર ક્રમાંક: DST/TSP/24/2022/0001/IT
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૭/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૩૦/૦૭/૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: TSP-2004-808-DST

(૨) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૨૩/૦૨/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક: TSP-2004-808-DST

(૩) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તા.૧૮/૦૫/૨૦૧૨ નો પરિપત્ર ક્રમાંક: TSP-2004-808-DST

(૪) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૦૩/૦૨/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ

**આમુખ:**

રાજ્યમાં આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. અંગેની ખરીદી કરવા તેમજ તે અંગેની સેવાઓ મેળવવા માટે વિભાગ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) સામેના ઠરાવથી તથા ક્રમાંક: (૩) સામેના પરિપત્રથી સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

૨. રાજ્યના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ વિગેરે) દ્વારા થતી ચીજ-વસ્તુઓ/સેવાઓની ખરીદી ગવર્મેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફત કરવા અંગે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૪) સામેના ઠરાવથી સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

**પરિપત્ર:**

વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) સામેના ઠરાવથી તથા ક્રમાંક: (૩) સામેના પરિપત્રથી પ્રસિદ્ધ કરવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરીને આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. સોલ્યુશન, પ્રોડક્ટ્સ, પ્રોજેક્ટ્સની ખરીદી કરવાની રહેશે તેમજ આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. અંગેની સેવાઓ મેળવવાની રહેશે.

૨. તદુપરાંત ઉદ્યોગ અને ખાણ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૪) સામેના ઠરાવથી કરવામાં આવેલ જોગવાઇઓ અનુસાર રાજ્યમાં આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. સોલ્યુશન, પ્રોડક્ટ્સ, પ્રોજેક્ટ્સની ખરીદી કરવા તેમજ આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. અંગેની સેવાઓ મેળવવા માટે ગવર્મેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલનો જ ઉપયોગ કરવાનો રહેશે.

પાછળ...

૩. જો કોઇ કિસ્સામાં ગવર્મેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ પર કોઇ આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. સંબંધિત ચીજવસ્તુ / સેવા ઉપલબ્ધ ન હોય તો તેવા કિસ્સામાં સંબંધિત વહીવટી વિભાગ/સમિતિએ ખરીદ પ્રક્રિયા શરૂ કરતા પહેલાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની પૂર્વ મંજૂરી / એન.ઓ.સી.(નો ઓબ્જેક્શન સર્ટીફીકેટ) મેળવી લેવાનું રહેશે.

૪. જ્યારે કોઇ ચીજવસ્તુ/સેવા એ આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. સંબંધિત ચીજવસ્તુ/સેવા ની કેટેગરીમાં આવે છે કે કેમ તે અંગે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

૫. સરકારના વહીવટી વિભાગો ખાતે ફાળવવામાં આવેલ વિભાગ હસ્તકના આઇ.ટી. સંવર્ગના અધિકારીઓએ તેઓને ફાળવેલ વહીવટી વિભાગની આઇ.ટી. સમિતિના સભ્ય સચિવ તરીકેની કામગીરી કરવાની રહેશે તથા સદરહુ સમિતિની બેઠકમાં સંબંધિત નાયબ નિયામક(આઇ.ટી.), વર્ગ-૧ અધિકારીએ ઉપસ્થિત રહેવાનું રહેશે.

૬. પ્રસ્તુત પરિપત્ર વિભાગની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એચ.ગઢવી)
નાયબ સચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

પ્રતિ

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત જાહેર સેવા આયોગ. સેક્ટર-૧૦-(અ), છ-૩ સર્કલ,ગાંધીનગર.
- નિયામકશ્રી, આઇ.સી.ટી અને ઇ-ગવર્નન્સની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર તરફ તેમના હસ્તકના તમામ અધિકારીઓને ધ્યાને મુકવા અર્થે
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઇન્ફર્મેટીકસ લી., કર્મયોગી ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી , રાજકોટ / અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- વિભાગ હસ્તકની તમામ કચેરીઓ